# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ suratdeo@gmail.com


જા.નં./ તા.૧૮ /૦૭/૨૦૨૫

પ્રતિ આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સરકારી, ખાનગી, અનુદાનિત શાળા, કેન્દ્રીય વિદ્યાલય તમામ,
જિ. -સુરત.

વિષય:- શાળાઓમાં એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને વિદ્યા સમિક્ષા કેન્દ્ર મારફત મોનિટરીંગ અને દેખરેખ બાબત.

સંદર્ભ:- (૧) માનનીય સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીના પત્ર ક્રમાંક : એસ એસ MIS/૨૦૨૫/૩૬૫૪૩/૬૪૩ તા.૧૪/૭/૨૫

(૨) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરની કચેરી પત્ર ક્રમાંક : નં.જિ.પં.શિ.એસ એસ/MIS/૨૦૨૫/૮૭૧૫-૮૮૨૨૨ તા.૧૫/૦૭/૨૦૨૫

(૩) અત્રેની કચેરી નો પત્ર ક્રમાંક : જા.નં મા-૨/ઓનલાઇન હાજરી/૨૦૨૫/6805

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) એ તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોમાં અને રાષ્ટ્રીય સ્તરે વહીવટી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના રીઅલ-ટાઈમ મોનિટરિંગ અને કાર્યક્ષમતાને સુનિશ્ચિત કરવા માટે પ્રણાલીગત ડેટાના સુપર કનેક્ટર તરીકે ઉભરી રહ્યું છે. VSK ને જિલ્લા અને તાલુકા કક્ષા સહિત વિવિધ સ્તરે ડેટા મેનેજમેન્ટ માટે વિકસાવવામાં આવ્યુ છે. જે અન્વયે, VSKનું એક મહત્વપૂર્ણ કાર્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ના અમલીકરણ પર દેખરેખ રાખવાનું છે.

શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE) ૨૦૦૯ની કલમ ૧૨(૩) ની જોગવાઈ મુજબ **"કોઈપણ કિસ્સામાં દરેક શાળાએ સરકારની યોગ્ય એજન્સી અથવા સ્થાનિક સત્તાધિકારી દ્વારા જરૂરી હોય તે માહિતી પૂરી પાડવી આવશ્યક છે."**

શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ ૨૦૦૯ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ની જોગવાઈઓનું પાલન કરાવવા માટે વિદ્યાસમિક્ષા કેન્દ્રના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ લાભ લેવા જણાવેલ છે.

જો કોઈ શાળા દ્વારા ઓનલાઈન એટેન્ડન્સ દૈનિક ધોરણે પુરવામાં આવતી નથી, તો તે શાળાની વિદ્યાર્થીનીઓ નમો લક્ષ્મી, નમો સરસ્વતી જેવી યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે. આ ઉપરાંત સરકારશ્રીની અન્ય યોજનાઓ માટેના નિર્ણયો અને તેના અમલીકરણમાં શાળા કક્ષાએથી મળતી માહિતી અત્યંત અગત્યની ભૂમિકા ભજવે છે. આથી, જો કોઈ શાળા આવી માહિતી આપવાનો ઇનકાર કરે અથવા આ બાબતે સહયોગ ન કરે, તો જે-તે શાળા સામે જરૂરી શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

બિડાણ :
ઉપર મુજબના સંદર્ભપાત્રોની નકલ

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રીની કચેરી
[illegible], સમગ્ર શિક્ષા, શિક્ષણ શાખા,
જિલ્લા પંચાયત, [illegible],
[illegible], જિ. સુરત
ફોન/ફેક્સ નં. [illegible]
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820


નં.જિ.પં.શિ.સ. એસ.એસ./MIS/૨૦૨૫/૮૭૧૫-૮૮૨૨ તા. ૧૫/૭/૨૦૨૫

પ્રતિ,

(૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા તમામ, જિ.- સુરત.

(૨) બી.આર.સી.કો.-ઓર્ડિનેટરશ્રી, તાલુકા તમામ,જિ.- સુરત.

(૩) સીઆરસી કો ઓ તમામ, તાલુકા તમામ,જિ.- સુરત.

વિષય: ખાનગી/સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત તેમજ કેન્દ્રિય વિદ્યાલયો સહિત તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશનના વિદ્યા સમીક્ષા કેન્દ્ર મારફત મોનિટરીગ અને દેખરેખ બાબત.

સંદર્ભ : માન સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ના પત્ર ક્રમાંક:એસ એસ/MIS/૨૦૨૫/૩૬૫૪૩-૬૪૩ તા. ૧૪/૭/૨૫ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) એ તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં અને રાષ્ટ્રીય સ્તરે વહીવટી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના રીઅલ-ટાઇમ મોનિટરીંગ અને કાર્યક્ષમતાને સુનિશ્ચિત કરવા માટે પ્રણાલીગત ડેટાના સુપર કનેક્ટર તરીકે ઉભરી રહ્યું છે. VSK ને જિલ્લા અને તાલુકા કક્ષા સહિત વિવિધ સ્તરે ડેટા મેનેજમેન્ટ માટે વિકસાવવામાં આવ્યુ છે. જે અન્વયે, VSK નું એક મહત્વપૂર્ણ કાર્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ના અમલીકરણ પર દેખરેખ રાખવાનું છે.

શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE), ૨૦૦૯ની કલમ ૧૨(૩)ની જોગવાઈ મુજબ – "કોઈ પણ કિસ્સામાં, દરેક શાળાએ સરકારની યોગ્ય એજન્સી અથવા સ્થાનિક સત્તાધિકારી દ્વારા જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડવી આવશ્યક છે"

આથી શિક્ષા મંત્રાલય, ભારત સરકારના D.O.No. 1-34/2022-DIGED તા.૦૪.૦૭.૨૦૨૫ થી બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર (RTE) અધિનિયમ ૨૦૦૯ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ની જોગવાઈઓનું પાલન કરાવવા માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ લાભ લેવા જણાવેલ છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) ખાતે એકત્રિત કરવામાં આવતા ડેટા આધારિત નિર્ણયો લેવામાં સરળતા રહે તે માટે તમામ શાળાઓ એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશન વગેરે જેવા ક્ષેત્રો માટે નિયમિતપણે નિર્ધારિત સમયગાળામાં માહિતી પૂરી પાડે તે આવશ્યક છે, જેમ કે, જો કોઈ શાળા દ્વારા ઓનલાઈન એટેન્ડન્સ દૈનિક ધોરણે પૂરવામાં આવતી નથી, તો તે શાળાની વિદ્યાર્થિનીઓ નમો લક્ષ્મી, નમો સરસ્વતી જેવી યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે. આ સિવાય પણ, સરકારશ્રીની અન્ય યોજનાઓ માટેના નિર્ણયો અને તેના અમલીકરણમાં શાળા કક્ષાએથી મળતી માહિતી અત્યંત અગત્યની ભૂમિકા ભજવે છે. આથી, જો કોઈ શાળા આવી માહિતી આપવાનો ઇનકાર કરે અથવા આ બાબતે સહયોગ ન કરે તો જે તે શાળા સામે જરૂરી શિક્ષાત્મક પગલા લેવાના રહેશે.

આ સંદર્ભમાં, સરકારી અને ગ્રાન્ટેડ / અનુદાનિત શાળાઓ જે રીતે સમયબધ્ધ રીતે સરકાર દ્વારા નિર્ધારિત માહિતી પૂરી પાડવામાં આવે છે, તે જ રીતે ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત શાળાઓ તેમજ કેન્દ્રિય વિદ્યાલયો વહેલી તકે એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશન વગેરે જેવા ક્ષેત્રો માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) અંતર્ગત સ્થાનિક સત્તાધિકારી મારફત નિયમિત ડેટા પૂરા પાડવાનું ફરજિયાતપણે શરૂ કરાવવા આપની કક્ષાએથી યોગ્ય આદેશ, સમીક્ષા તથા મોનિટરીંગ કરવા આથી જણાવવામાં આવે છે.

**બિડાણ:- સંદર્ભપત્રની નકલ.**

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા સુરત

નકલ સવિનય રવાના જાણ સારૂ:

માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા – ગાંધીનગર

જય ભારત સહ નકલ રવાના :

પ્રાચાર્યશ્રી, જીલ્લા શિક્ષણ તાલીમ ભવન, ભેસ્તાન, સુરત

જીલ્લા શિક્ષણાધિકારી, જીલ્લા સેવા સદન, સુરત

નકલ રવાના :

(ખાનગી/સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત તેમજ કેન્દ્રિય વિદ્યાલયો સહિત તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) અંતર્ગત સ્થાનિક સત્તાધિકારી મારફત નિયમિત ડેટા પૂરા પાડવાનું ફરજિયાતપણે શરૂ કરાવવા બાબત)

समग्र शिक्षा
Samagra Shiksha

ડો.એમ.એમ.પટેલ, GAS
એડી .સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, વિદ્યા સમીક્ષા
કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૯૬૩૨૪૧૩
E-mail : aspd-gcsess@gujarat.gov.in

---

ક્રમાંક: SSA/MIS/2025/૩૬૫૪૩ - ૬૪૩ તા.૧૪/૦૭/૨૦૨૫

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, જિ. તમામ

(૨) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ,
જિ.તમામ

(૪) પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જિલ્લાઃ તમામ

**વિષયઃ ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત તેમજ કેન્દ્રિય વિદ્યાલયો સહિત તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશનના વિદ્યા સમીક્ષા કેન્દ્ર મારફત મોનિટરીંગ અને દેખરેખ બાબત.**

**સંદર્ભઃ (૧) શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના D.O.No. 1-34/2022-DIGED તા.૦૪.૦૭.૨૦૨૫**
**(૨) અત્રેની કચેરીની તા.૧૪.૦૭.૨૦૨૫ની નોંધ પર માન. એસપીડીશ્રીની મળેલ મંજૂરી**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) એ તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં અને રાષ્ટ્રીય સ્તરે વહીવટી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના રીઅલ-ટાઇમ મોનિટરીંગ અને કાર્યક્ષમતાને સુનિશ્ચિત કરવા માટે પ્રણાલીગત ડેટાના સુપર કનેક્ટર તરીકે ઉભરી રહ્યું છે. VSK ને જિલ્લા અને તાલુકા કક્ષા સહિત વિવિધ સ્તરે ડેટા મેનેજમેન્ટ માટે વિકસાવવામાં આવ્યું છે. જે અન્વયે, VSK નું એક મહત્વપૂર્ણ કાર્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ના અમલીકરણ પર દેખરેખ રાખવાનું છે.

શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE), ૨૦૦૯ની કલમ ૧૨(૩)ની જોગવાઈ મુજબ - **"કોઇ પણ કિસ્સામાં, દરેક શાળાએ સરકારની યોગ્ય એજન્સી અથવા સ્થાનિક સત્તાધિકારી દ્વારા જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડવી આવશ્યક છે"**

સમગ્ર શિક્ષા, સુરત
15 JUL 2025
૫૧૯

16/07

આથી, શિક્ષા મંત્રાલય, ભારત સરકારના D.O.No. 1-34/2022-DIGED તા.૦૪.૦૭.૨૦૨૫ થી બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર (RTE) અધિનિયમ ૨૦૦૯ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ની જોગવાઈઓનું પાલન કરાવવા માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ લાભ લેવા જણાવેલ છે.

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) ખાતે એકત્રિત કરવામાં આવતા ડેટા આધારિત નિર્ણયો લેવામાં સરળતા રહે તે માટે તમામ શાળાઓ એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રિડિટેશન વગેરે જેવા ક્ષેત્રો માટે નિયમિતપણે નિર્ધારિત સમયગાળામાં માહિતી પૂરી પાડે તે આવશ્યક છે. જેમ કે, જો કોઈ શાળા દ્વારા ઓનલાઈન એટેન્ડન્સ દૈનિક ધોરણે પૂરવામાં આવતી નથી, તો તે શાળાની વિદ્યાર્થિનીઓ નમો લક્ષ્મી, નમો સરસ્વતી જેવી યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે. આ સિવાય પણ, સરકારશ્રીની અન્ય યોજનાઓ માટેના નિર્ણયો અને તેના અમલીકરણમાં શાળા કક્ષાએથી મળતી માહિતી અત્યંત અગત્યની ભૂમિકા ભજવે છે. આથી, જો કોઈ શાળા આવી માહિતી આપવાનો ઈનકાર કરે અથવા આ બાબતે સહયોગ ન કરે તો જે તે શાળા સામે જરૂરી શિક્ષાત્મક પગલા લેવાના રહેશે.**

આ સંદર્ભમાં, સરકારી અને ગ્રાન્ટેડ / અનુદાનિત શાળાઓ જે રીતે સમયબદ્ધ રીતે સરકાર દ્વારા નિર્ધારિત માહિતી પૂરી પાડવામાં આવે છે, તે જ રીતે ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત શાળાઓ તેમજ કેન્દ્રિય વિદ્યાલયો વહેલી તકે એટેન્ડન્સ, એસેસમેન્ટ, એડમિનિસ્ટ્રેશન અને એક્રેડિટેશન વગેરે જેવા ક્ષેત્રો માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) અંતર્ગત સ્થાનિક સત્તાધિકારી મારફત નિયમિત ડેટા પૂરા પાડવાનું ફરજિયાતપણે શરૂ કરાવવા આપની કક્ષાએથી યોગ્ય આદેશ, સમીક્ષા તથા મોનિટરીંગ કરવા આથી જણાવવામાં આવે છે.

( ડૉ.એમ.એમ.પટેલ )
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**સવિનય નકલ રવાના:-**

- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સેક્ટર-૧૯, ગાંધીનગર

**સવિનય નકલ રવાના:-**

(ખાનગી / સ્વ-નિર્ભર અથવા બિન-અનુદાનિત તેમજ કેન્દ્રિય વિદ્યાલયો સહિતની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) અંતર્ગત સ્થાનિક સત્તાધિકારી મારફત નિયમિત ડેટા પૂરા પાડવાનું ફરજિયાતપણે શરૂ કરાવવા બાબત)

- નિયામકશ્રી, શાળાઓ, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી , સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત
એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત
Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, Web – deosurat.org

જા.નં.મા-૨/ઓનલાઈન-હાજરી/૨૦૨૫/ ૬૪૦૮ તા. ૦૬/૦૬/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળા તમામ

જિલ્લો-સુરત

વિષય :શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે Online Attendance(Smart Attendence)પોર્ટલમાં દૈનિક વિદ્યાર્થીઓની અને શિક્ષકોની હાજરી સબમિટ કરવા બાબત

સંદર્ભ:(૧) માન. સ્ટેટ પ્રોજેકટ કચેરીની સુચના અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અંતગર્ત ઓનલાઈન અટેન્ડન્સ પોર્ટલ(સ્માર્ટ અટેન્ડન્સ) માં તમામ શાળાએ દૈનિક શાળામાં હાજર રહેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરી સબમિટ કરવાની થાય છે જે આપ સૌ જાણો છો. જિલ્લા વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતેથી પણ આ બાબતોનું દૈનિક ફોલોઅપ લેવામાં આવે છે માટે આપની કક્ષાએથી દૈનિક વિદ્યાર્થીઓ-શિક્ષકોની હાજરી આપે સબમિટ કરાવવાની રહેશે.હાજરી ભરવા માટે આપે ssagujarat ની વેબસાઈટ માં જઈ Online Attendance System વિકલ્પ પસંદ કરવાનો રહેશે.. જેમાં આપે આપની શાળાના CTSપોર્ટલના યુઝર આઈડી અને પાસવર્ડ થી લોગીન કરી હાજરી સબમિટ કરવાની રહેશે અથવા તો Online Attendance System પોર્ટલમાં જમણી બાજુમાં આપેલ "SMART ATTENDANCE"લિંક પર ક્લિક કરતા નવા પેજ પર જઈ આચાર્યશ્રી ના મોબાઈલ નંબર થી લોગીન થવાનું રહેશે. આચાર્યશ્રી દ્વારા શિક્ષકની હાજરી પુરવાની રહેશે અને જે તે વર્ગ શિક્ષકના મોબાઈલ નંબર થી જે તે ધોરણના વિદ્યાર્થીની હાજરી પૂરવાની રહેશે..

વધુમાં આપને જણાવવાનું કે, સરકારીશ્રી ની વિવિધ યોજના જેવી કે, જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ , જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના ,જ્ઞાનશક્તિ ટ્રાયબલ , જ્ઞાનશક્તિ રેસિડેન્સીયલ યોજના , નમો લક્ષ્મી , નમો સરસ્વતી જેવી તમામ યોજના માં બાળકોની હાજરી અનિવાર્ય થતી હોય છે માટે આ બાબત ની અગત્યતા સમજી આવનાર શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ માં શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરી દૈનિક સબમિટ થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

વધુમાં આપની કક્ષાએથી હાજરી ભરેલ નથી તેવી તમામ શાળાઓને કારણદર્શક નોટીસ પાઠવવા આવશે જેની નોંધ લેવી.સાથે જણાવવાનું કે ટીચર પોર્ટલમાં જે શિક્ષકોના નામ એડ અને ડીલીટ કરાવવાના હોય તેના માટે યુ આર સી (ઝોન) કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા કમિશ્નરશ્રી કચેરી ખાતે જે CMDASHBOARD માં ડેટા દર મહીને અપડેટ કરવાના હોય છે તેમાં પણ આ માહિતીની જરૂરીયાત જણાતી હોય માટે તમામ શાળાઓને દૈનિક વિદ્યાર્થી અને શિક્ષક ની હાજરી સબમિટ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

બિડાણ:

(૧) હાજરી માટેની લીંક - SMART Attendance:

Link: https://web.convegenius.ai/bots?botId=0210067668891649

(૨) ટીચર પોર્ટલ એક્સેલ ફોરમેટ

(૩) યુઝર મેન્યુઅલ

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત

નકલ રવાના:-

- યુ.આર.સી/બી આર સી કો.ઓર્ડીનેટર/સી.આર.સી કો.ઓર્ડીનેટર તમામ (તમામ શાળાને જાણ તથા અમલ કરાવવા સારું )